# પછાત તથા દુઃખી સમાજની સેવા માટે ઉમંગ ઉત્પન્ન થયો

## છત્તીસગઢના મુખ્યમંત્રી ડૉ.રમણસિંહ વાત્સલ્ય મંદિરે પહોંચ્યા

**રાજનાંદગાંવ (છત્તીસગઢ)**

છત્તીસગઢના મુખ્યમંત્રી ડૉ.રમણસિંહ ભૂતપૂર્વ સંસદસભ્ય શ્રી પ્રદીપ ગાંધીની સાથે રાજનાંદગાંવની શક્તિપીઠ દ્વારા સંચાલિત માતા ભગવતી વાત્સલ્ય મંદિરે પહોંચ્યા. તેઓએ અહીં નક્સલવાદીની હિંસાથી અનાથ બનેલા અને બસ્તર વિસ્તારના ગરીબ બાળકોની શિક્ષણ, સંસ્કાર તથા સ્વાવલંબનની યોજનાને નિહાળી અને તેની પ્રશંસા કરી. આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ પુરસ્કાર રૂપે મળેલ સવાલાખની રકમને વાત્સલ્ય મંદિરને આપી દેવા બદલ પરિવાર તરફથી હાર્દિક આનંદ વ્યક્ત કરવામાં આવ્યો. એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે કે ડૉ.રમણસિંહને 'ભારત અસ્મિતા જન પ્રતિનિધિ શ્રેષ્ઠ રાષ્ટ્રીય સન્માન રૂપે' આ પુરસ્કાર મળ્યો હતો, જેનો તેઓએ આદ.ડૉ.પ્રણવ પંડ્યાજીનું જ્યારે રાયપુરમાં આગમન થયું ત્યારે આ રકમ માતા ભગવતી વાત્સલ્ય મંદિરને ભેટ આપી દીધી.

મુખ્યમંત્રીશ્રી જ્યારે વાત્સલ્ય મંદિરે પહોંચ્યા ત્યારે છત્તીસગઢના ઝોન કન્વીનર ડૉ.અરૂણ મઢરિયા, મુખ્ય ટ્રસ્ટી શ્રી પુરુષોત્તમ ડાગા, ભૂતપૂર્વ મંત્રીશ્રી લીલારામ ભોજવાણી તથા અનેક અગ્રગણ્ય નાગરિકોએ તેમનું હાર્દિક સ્વાગત કર્યું. શ્રી નંદકિશોર સુરજે તેમને રાજનાંદગાંવ ગાયત્રી પરિવાર એક બૃહદ સેવા વિભાગ તૈયાર કરવાની યોજના બતાવી. ત્યાં શહેરના સંપન્ન, પ્રતિષ્ઠિત ભાટિયા પરિવાર દ્વારા ભેટ આપવામાં આવેલ ૨૫ હજાર ચોરસફુટના પ્લોટ પર એક કરોડના ખર્ચે બનનારા સંકુલમાં વનવાસીઓના દુઃખી બાળકો માટે રહેવાની, જમવાની, આરોગ્ય તથા સાધના કેન્દ્ર બનાવવાની યોજના છે. તેઓએ છત્તીસગઢની અસ્મિતાને બચાવી રાખવા માટે સંકુલના બાંધકામ પૂરે-પૂરો સહકાર આપવા મુક્તકંઠે અપીલ કરી.




માં ભગવતી વાત્સલ્ય મંદિરમાં અનાથ બાળકોની સાથે મુખ્યમંત્રી ડૉ.રમણસિંહ તથા એમના સાથીદાર

## ગરીબોની સેવામાં સમર્પિત સ્વાસ્થ્ય શિબિર

## વિશાળ રક્તદાન શિબિર

**જહાજપુર-ભીલવાડા (રાજસ્થાન)**

જહાજપુર ગાયત્રી પરિવાર શાખાના યુવક મંડળે પરમ પૂજ્ય ગુરુદેવના આધ્યાત્મિક દિવસે સેવાની ભાવનાને પ્રોત્સાહન પૂરું પાડતા એક રક્તદાન શિબિર યોજી હતી, કે જેને અનેક પ્રકારે સફળતા મળી. આ શિબિરમાં ૧૦૩ જેટલા કાર્યકર્તાઓ ભાઈઓએ રક્તદાન કરી એન નવીન રેકૉર્ડ બનાવ્યો. મેજિસ્ટ્રેટ શ્રી નીરજ ભારદ્વાજ અને તાલુકા અધિકારી શ્રી રામનારાયણ મીણાએ દીપક પ્રગટાવી, સ્વયં રક્તદાન કરી આ શિબિરનો શુભારંભ કર્યો. સમાજના જુદી-જુદી જાતિના લોકોએ સેવાના આ યજ્ઞમાં સદ્ભાવનો પ્રશંસનીય પરિચય આપ્યો. શ્રીરામ સ્નેહી ચિકિત્સાલયના યૂનિટનો ભાવનાત્મક સહકાર મળ્યો.



બોકારો મફત નેત્ર નિદાન શિબિરમાં લાભાર્થીઓને કપડા આપી રહેલ ગાયત્રી પરિજનો

### મફત નેત્ર નિદાન શિબિર

**બોકારો (ઝારખંડ)**

બોકારોની ગાયત્રી પરિવાર શાખા દર વર્ષે નેત્ર નિદાન શિબિર આયોજન રાખે છે. આ વર્ષે પણ તા-૧૩ માર્ચના દિવસે નેત્ર નિદાન અને મોતિયા બિંદુના ઓપરેશનની મફત શિબિર રાખી હતી. આ શિબિરનો કુલે ૪૫૦ આંખના દરદીઓએ લાભ ઉઠાવી આંખનું નિદાન કરાવી ઉપચાર કરાવ્યો. તેમાંથી ૪૮ દરદીઓનું મોતિયાબિંદુનું ઑપરેશન કરવામાં આવ્યું તથા પેટરવાર મુની આશ્રમના સહકારથી ૩૨ દરદીઓને લેંસનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું. ગાયત્રી પરિવારના પરિજનોએ તમામ દરદીઓના ઉતારાની, જમવાની સેવા-સુશ્રુષાની ઉત્તમ વ્યવસ્થા ગોઠવી હતી.

**આગ્રા (ઉત્તર પ્રદેશ)**

યુગ ચેતના કેન્દ્ર ગાયત્રી આશ્રમ ધમૌટા, કુંડૌલ (જિલ્લો-આગ્રા) દ્વારા મફત નેત્રનિદાન શિબિરનું આયોજન રાખવામાં આવ્યું હતું. તા-૯ માર્ચના દિવસે યુગ ચેતના કેન્દ્ર પર યોજાયેલી શિબિરમાં ૧૧૫ આંખના દરદીઓની આંખની તપાસ કરવામાં આવી અને દવાનું વિતરણ કરવામાં આવ્યું. તે પૈકી ૬ દરદીઓની આંખમાં લેંસનું પ્રત્યારોપણ કરવામાં આવ્યું અને દરદીઓની આંખનું મફત ઑપરેશન કરી આપવામાં આવ્યું.

તા-૧૬ માર્ચના દિવસે ગ્વાલિયર રોડ પર આવેલ ગાયત્રી શક્તિપીઠે ભોગલ પુરામાં યોજાયેલ મફત નેત્રનિદાન શિબિરનો ૨૨૫ આંખના દરદીઓએ લાભ ઉઠાવ્યો. ડૉ.આર.વી. સક્સેનાએ આ શિબિરો માટે માનદ સેવા આપી.

## સંસ્કારવાન વનવાસી મોહન

**બડવાહ, ખરગોન (મધ્યપ્રદેશ)**



ગાયત્રી પરિવારની બડવાહ શાખાના પરિજન તથા બડવાહ જૂનિયર રેડક્રોસના કાર્યવાહક પ્રો.રમેશ ભારદ્વાજ શહેરની શાળા મા.વિદ્યાલય-૨માં પાછલા સાત વર્ષથી સંસ્કારના વર્ગો ચલાવી રહ્યા છે. આ વર્ગમાં શહેરના નિષ્ણાતોને આમંત્રણ પાઠવી તેમના દ્વારા વિદ્યાર્થીઓને ઉપયોગી જાણકારી આપવામાં આવે છે તથા નૈતિકતાનો પાઠ ભણાવવામાં આવે છે. બાળકોના આચરણ તથા અનુશાસનમાં આ શ્રેષ્ઠ વિચારોનો પ્રભાવ જોવા મળે છે. આ પ્રશિક્ષણના સ્પષ્ટ પ્રભાવને ચિ.મોહને પ્રમાણિત કર્યો.

ચિ.મોહન આ શાળામાં અભ્યાસ કરતો એક વનવાસી વિદ્યાર્થી છે. તેણે ગયા પાછલા દિવસોમાં પોતાની શાળામાં યોજાયેલ વ્યસન મૂક્તિના વર્ગમાંથી પ્રેરણા મેળવી અને પછી તેણે પોતાના સતત પ્રયત્નથી પોતાની માતા શ્રીમતી તારાબાઈ તથા તેના મામા અશોક ચૌહાણને તમાકુના સેવનની આદત છોડાવી દીધી. એ વાતનો ઉલ્લેખ કરવા જેવો છે, કે એ બન્ને છેલ્લા પંદર વર્ષથી તમાકુનું સેવન કરી રહ્યા હતા.

## મંદાકિની સ્વચ્છતા અભિયાન

**ચિત્રકુટ (મધ્યપ્રદેશ)**

પાછલા વર્ષોની જેમ આ વર્ષે પણ ચિત્રકુટમાં ગાયત્રી પરિવાર તથા રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓએ મંદાકિની સ્વચ્છતા અભિયાન ચલાવ્યું. ગાયત્રી પરિવારના સેંકડો કાર્યકર્તાઓએ એન.એસ. એસ.ના ૧૫૦ વિદ્યાર્થીઓ આ અભિયાનમાં જોડાયા. તેઓએ 3-૪ ફૂટ સુધી ઉંડી ગંદકી અને માટીથી છવાયેલા પ્રમોદવનમાં આવેલ ઘાટ પરથી માટી, કીચડ, લીલ વગેરે હટાવી તેને સ્વચ્છ બનાવ્યો. લોકો આ સફાઈ અભિયાન જોઈને દંગ રહી ગયા હતા. શા.ઉ.મા.વિ. કામતાના આચાર્ય શ્રી એ.ડી.સિંહ તથા કામતાનાથ પ્રમુખ દ્વારના મહંત શ્રી જ્ઞાનદાસે સફાઈ અભિયાનના સમયે ઉપસ્થિત રહી સ્વયં સેવકોનો ઉત્સાહ વધાર્યો.




ચિત્રકુટમાં ગાયત્રી પરિવાર તથા રાષ્ટ્રીય સેવા યોજના એકમના વિદ્યાર્થીઓએ મંદાકિની સ્વચ્છતા અભિયાન ચલાવ્યું

## નવા યુગ સાહિત્ય વિક્રય કેન્દ્રની સ્થાપના

**બારાબંકી (ઉત્તર પ્રદેશ)**

**બારાબંકી જીલ્લાના રામસનેહીઘાટ તાલુકામાં ગાયત્રી પરિવારનો નવા યુગ સાહિત્ય વિક્રય કેન્દ્ર 'માં ભગવતી વિદ્યા વિસ્તાર કેન્દ્ર'નો શુભારંભ થયો. ઉપ જીલ્લા અધિકારી શ્રી એસ.કે.ભટ્ટે ગુરુ-પ્રતિમાઓનું પૂજન અને દીપ પ્રગટાવીને આ કેન્દ્રનું ઉદ્ઘાટન કર્યું. આ અવસર પર તેમણે સમાજમાં નિરંતર ઘટતી નૈતિકતા પર ઉંડી ચિન્તા વ્યક્ત કરતાં લોકોથી કહ્યું કે પં. શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા લખવામાં આવેલ સત્સાહિત્ય લોકોન ભટકાવથી બચાવી શકે છે.**

**સકારાત્મક અને સર્જનાત્મક વિચારોમાં વિકાસ કરવાની અદ્ભુત શક્તિ હોય છે.**